# True Credits Private Limited

# વ્યાજ દર નીતિ

**દસ્તાવેજ ક્રમાંક: TC-IRP**

*(આ નીતિને 17 નવેમ્બર 2023 રાખવામાં આવેલ બોર્ડ મીટીંગમાં બોર્ડ ઓફ ડાયરેક્ટર્સ દ્વારા રીવ્યુ કરવામાં આવી છે અને માન્ય કરવામાં આવી છે.)*

# દસ્તાવેજની વિગતો

| ચોક્કસ બાબતો | વિગતો |
|---|---|
| **મથાળું** | વ્યાજ દર નીતિ |
| **આવૃતિ** | V0.6 |
| **વર્ગીકરણ** | જાહેર |
| **વર્ણન** | વ્યાજ દરો, પ્રોસેસીંગ અને અન્ય દરો નક્કી કરવા માટેની નીતિ |
| **રીવ્યુ તારીખ** | 17 નવેમ્બર 2023 |
| **ને આધીન** | કાયદાકીય, પૂર્તિ અને નિયમનનઇ બાબતોનું ખાતું |
| **ના દ્વારા માન્ય/ રીવ્યુ કરાયું** | બોર્ડ |
| **માલિક** | કાયદાકીય, પૂર્તિ અને નિયમનનઇ બાબતોનું ખાતું |

અનુક્રમણિકા


| **અ. નં.** | **ચોક્કસ બાબતો** | **પાન નં.** |
|---|---|---|
| 1. | પરિચય | 4 |
| 2 | હેતુઓ | 4 |
| 3. | બોર્ડ ઓફ ડિરેક્ટર્સની ભૂમિકા | 4 |
| 4. | લોન અને ક્રેડિટ ફેસિલિટી પર વ્યાજ દરો નક્કી કરવા | 4 |
| 5. | પ્રોસેસિંગ ફી/ કમીટમેન્ટ ફી / અન્ય દરો | 5 |
| 6. | ગ્રાહક સાથે પ્રત્યાયન | 5 |
| 7. | મુક્તિ/ ચાર્જમાં ઘટાડો | 5 |
| 8. | આ નીતિમાં સુધારા | 5 |

1. **પરિચય**
   a. રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયા **("RBI")** એ તેના મુખ્ય નિર્દેશને બૃહદ બનાવે છે - નોન-બેંકિંગ ફાઈનાન્સિયલ કંપની - બિન પ્રણાલીગત રીતે મહત્વપૂર્ણ નોન-ડિપોઝિટ લેતી કંપની (રિઝર્વ બેંક) નિર્દેશો, 2016 દ્વારા તમામ નોન સિસ્ટેમેટીક રીતે મહત્વપૂર્ણ બિન-થાપણને માર્ગદર્શન આપે છે કે NBFC યોગ્ય આંતરીક સિધ્ધાંતો અને પ્રક્રિયાઓ નક્કિ કરે વ્યાજ દરો, પ્રોસેસિંગ ફી અને અન્ય શુલ્ક નક્કી કરવા માટે. RBI ઈએ NBFC ની વેબસાઈટ પર પોલિસી ઉપલબ્ધ કરાવવા અને જ્યારે પણ કોઈ ફેરફાર થાય ત્યારે અપડેટ કરવાનો નિર્દેશ આપ્યો છે.
   b. 25 ઓક્ટોબર, 2019 ના રોજ યોજાયેલી ટ્રુ ક્રેડિટ્સ પ્રાઈવેટ લિમિટેડ **("કંપની")** ના બોર્ડ ઓફ ડિરેક્ટર્સે તેમની મીટિંગમાં, કંપની પર અગાઉ લાગુ RBI ના નિર્દેશો અનુસાર વ્યાજ દર નીતિ **("નીતિ")** ના અનુસંધાનમા સ્વીકાર્યા હતા. આંતરિક નીતિઓ વગેરેમાં ફેરફારોને દર્શાવવા માટે હવે તેમાં સુધારો કરવામાં આવ્યો છે.
   c. આ નીતિને હંમેશા RBI ઈની વર્તમાન માર્ગદર્શિકાઓ, નિર્દેશો, પરિપત્રો અને સૂચનાઓ સાથે વાંચવી જોઈએ.

2. **હેતુઓ**
   આ નીતિના મુખ્ય ઉદ્દેશ્યો છે:
   a. સુનિશ્ચિત કરો કે તમામ ભાગીદારોના હિતને ધ્યાનમાં રાખવા દ્વારા વ્યવસાયના લાંબા ગાળાની ટકાઉપણાને સુનિશ્ચિત કટી શકાય તે રીતે વ્યાજ દરોને નક્કી કરવામાં આવે છે,
   b. વ્યાજ દરની ગણતરી માટે અનુકૂળ મોડલ વિકસાવો અને સ્વીકારો;
   c. વ્યાજ દરો કે જે વ્યાજબી છે તેને નક્કી કરવા: વાસ્તવિક અને માનવામાં આવેલ હોય તે બંન્ને;
   d. વ્યાજની ગણતરી નિયમનકારી માર્ગદર્શિકા અને બજારની પ્રથાઓને અનુરૂપ સચોટ, ન્યાયી અને પારદર્શક છે તે સુનિશ્ચિત કરો;
   e. જે પ્રમાણે લાગુ પડે છે તેમ વ્યાજના અલગ પડતાં દરો કે જે જોખમી ઘટકો સાથે જોડાયેલા છે;
   f. ગ્રાહકો પાસેથી વસૂલવામાં આવતા આખરી દરો પર સુધી કેવી રીતે આવી શકાય તે માટે સિધ્ધાંતો, પધ્ધતિ અને વસૂલવાના ફેલાવાના અભિગમને નક્કી કરો.

3. **બોર્ડ ઓફ ડિરેક્ટર્સની ભૂમિકા**
   બોર્ડ ઓફ ડિરેક્ટર્સની કંપનીની વ્યાજ દર નીતિ ઉપર દેખરેખ રહેશે. વ્યાજ દર નીતિના અસરકારક અમલીકરણને સુનિશ્ચિત કરવા માટે, બોર્ડ, નીતિના અમલીકરણ અને તેના કાર્યવંત પાસાઓને મેનેજિંગ ડિરેક્ટર અને/અથવા એસેટ લાયબિલિટી મેનેજમેન્ટ કમિટી ("**ALCO**") ને તેમને યોગ્ય લાગે તે પ્રમાણે સોંપી શકે છે.

   મેનેજિંગ ડિરેક્ટર અને/અથવા ALCO કંપનીના વ્યાપાર/લોન ઉત્પાદનોની સાથે સંબંધિત જે તે પરિબળોને ધ્યાનમાં લઈને સંબંધિત જે તે બાબતોની સમીક્ષા કરશે અને જ્યારે જરૂર લાગે ત્યારે તેમાં અનુકૂળ ફેરફારો કરશે.

4. **લોન અને ક્રેડિટ ફેસિલિટી પર વ્યાજ દરો નક્કી કરવા**
   મુખ્યત્વે ડિજિટલ પ્લેટફોર્મ દ્વારા કંપની તેના ગ્રાહકોને નાણાં ધિરાણ આપે છે અને ગ્રાહકોની વિવિધ શ્રેણીઓની જરૂરિયાતોને પૂરી કરવા માટે વિવિધ ઉત્પાદનો ધરાવે છે.

   નીચેના પરિબળોને ધ્યાનમાં રાખીને, સમયે સમયે દરેક ઉત્પાદનનો વ્યાજદર નક્કી કરવામાં આવે છે:

   a. **મૂડીનો ખર્ચ:** વ્યાપાર ચલાવવા માટે, કંપનીને મોટા પ્રમાણમાં ઇક્વિટી શેર મૂડી દ્વારા સુસજ્જ કરવામાં આવી છે, અને તે અનુસાર આવી ઇક્વિટી શેર મૂડીનો ખર્ચ ધ્યાનમાં લેવામાં આવશે.

   b. **ઉધાર લેવાનો ભાર યુકત સરેરાશ ખર્ચ:** વિવિધ બેંકો, નાણાકીય સંસ્થાઓ અને અન્ય બાહ્ય ધિરાણકર્તાઓ પાસેથી કંપની ભંડોળ ઉછીનું લેતી હોવાથી, તે લાગુ સરેરાશ ઉધાર ખર્ચ, તેમજ તે ઉધારની રકમને લગતા ખર્ચાઓ જેમ કે દલાલી, કન્સલ્ટન્સી ફી, પ્રોસેસિંગ ફી ને ધ્યાનમાં લેવામાં આવે છે. ઉધારની રકમની કિંમત બજારની સ્થિતિ અનુસાર બદલાય છે તેથી વ્યાજ દરોમાં તેના લીધે અસર થશે અને તે અનુસાર નિર્ણય લેવામાં આવશે.

   c. **જોખમ:** લોનની ટૂંકી મુદત, મળતી સુવિધા, લોનની ટિકિટનું કદ, ભૌગોલિક સ્થિતિ, ગ્રાહકની બાબત, સોર્સિંગ ચેનલો, કમાણી અને રોજગારમાં સ્થિરતા, નાણાકીય સ્થિતિ, અમારી સાથે અથવા અન્ય ધિરાણકર્તાઓ સાથે ભૂતકાળમાં ચુકવણીનો ટ્રેક રેકોર્ડ, ગ્રાહકોના બાહ્ય રેટિંગ્સ, ક્રેડિટ રિપોર્ટ્સ, ગ્રાહક સંબંધ, અન્ય વર્તમાન દેવાની સ્થિતિ, ડિજિટલ ચકાસણીના પરિણામો વગેરે બાબતોને અનુલક્ષીને તેથી, લોનની વસૂલાતના જોખમને ધ્યાનમાં લેવામાં આવશે અને તે અનુસાર જોખમ પ્રીમિયમની ગણતરી કરવામાં આવશે.

   d. **ઓપેક્સ ખર્ચ:** તેમાં કર્મચારી ખર્ચ, ઓફિસ અને ઈન્ફ્રાસ્ટ્રક્ચર સંબંધિત નક્કી અને બદલાતા ખર્ચ, કામગીરી ખર્ચ, વેચાણ અને માર્કેટિંગ ખર્ચ વગેરેનો સમાવેશ થાય છે.

   e. **નફાનું ધોરણ:** ધિરાણ દર નક્કી કરવા માટે માટે વાજબી નફાનું ધોરણ ધ્યાનમાં લેવામાં આવે છે. કંપની તેની વિવેકબુદ્ધિથી ડિફોલ્ટના જોખમને ધ્યાનમાં લઈને જુદા જુદા ગ્રાહકો માટે અલગ અલગ નફાનું ધોરણ નક્કી કરી શકે છે. જો કે કંપની પાસેથી લોન મેળવવા માટે તમામ ગ્રાહકોને ચૂકવવાપાત્ર વ્યાજની જાણ કરવામાં આવશે.

5. **પ્રોસેસિંગ ફી / દંડ ચાર્જ / અન્ય દરો**

**a.** કંપની દ્વારા અન્ય નાણાકીય દર જેમ કે પ્રોસેસિંગ ફી, ઈકવેટેડ મંથલી ઈન્સ્ટોલમેન્ટ (EMI), બાઉન્સિંગ ચાર્જિસ, લોન અથવા EMI ની વિલંબિત ચુકવણી પર દંડનો ચાર્જ, રિશેડ્યુલિંગ ચાર્જ, પૂર્વચુકવણી / ગીરો ચાર્જ, આંશિક ફાળવણી ચાર્જ, એકાઉન્ટ સ્ટેટમેન્ટ ઇશ્યૂ કરવા માટેના ચાર્જ વગેરેને વ્યાજ ઉપરાંત, જ્યાં જરૂરી લાગે ત્યાં વસૂલવામાં આવશે. આ દર ઉપરાંત, સ્ટેમ્પ ડ્યુટી, સર્વિસ ટેક્સ / GST અને અન્ય કર સમયે સમયે લાગુ પડતાં દરે વસુલવામાં આવશે. આ દરમાં કોઈપણ સુધારો ગ્રાહકો સાથે યોગ્ય પ્રત્યાયન કર્યા બાદ સંભવિત ધોરણે લાગુ કરવામાં આવશે.

**b.** કંપની આવા દરો ઉપર સુનિશ્ચિત કરશે કે દંડાત્મક ચાર્જનું કોઈ મૂડીકરણ નહીં થાય એટલે કે, આવા દર પર કોઈ વધારાના વ્યાજની ગણતરી કરવામાં આવશે નહીં. કંપની વ્યાજના દરમાં કોઈ વધારાના ઘટક પણ રજૂ કરશે નહીં અને તેનું કડક પાલન સુનિશ્ચિત કરશે.

**c.** શિક્ષાત્મક દરનું પ્રમાણ વ્યાજબી છે અને ચોક્કસ લોન / ઉત્પાદન વર્ગમાં ભેદભાવ કર્યા વગર લોન કરારના ભૌતિક નિયમો અને શરતોનું પાલન ન કરવા સાથે સુસંગત છે કે કેમ તેને કંપની સુનિશ્ચિત કરશે.

**d.** જે પ્રમાણે લાગુ પડે છે તે અનુસાર કંપની લોન કરાર અને / કી ફેક્ટ સ્ટેટમેન્ટ (KFS) માં ગ્રાહકોને દંડના ચાર્જનું પ્રમાણ અને કારણ દર્શાવશે.

**e.** લાગુ પડતા દંડના દર કે જે સમય સમય પર અપડેટ કરવામાં આવે છે તેમને કંપનીની વેબસાઈટ પર દર્શાવવામાં આવશે.

**f.** ઉધાર લેનારાઓને જ્યારે પણ લોનની શરતોનું પાલન ન કરવા માટેના રીમાઇન્ડર્સ મોકલવામાં આવે ત્યારે કંપની એ સુનિશ્ચિત કરશે કે લાગુ પડતા દંડની રકમ સ્પષ્ટપણે ઉધાર લેનારાઓને જણાવવામાં આવે.

**g.** શિક્ષાત્મક ચાર્જ વસૂલવાનો કોઈપણ પ્રસંગે અને તે માટેનું કારણ પણ ઉધાર લેનારાઓને યોગ્ય રીતે જણાવવામાં આવશે.

**h.** ALCO દ્વારા આ સંદર્ભમાં કરવામાં આવતી ભલામણને ધ્યાનમાં લીધા બાદ મેનેજિંગ ડિરેક્ટર આ રકમ નક્કી કરશે.

6. **ગ્રાહક સાથે પ્રત્યાયન**

**a.** કંપનીએ પ્રત્યાયન કરવાના સ્વીકારેલા માધ્યમ દ્વારા મંજૂર કરેલ લોન / લોન મેળવતી વખતે ગ્રાહકોને - વ્યાજના લાગુ પડતાં દરની જાણ કરવી જોઈએ. નીતિ કંપનીની વેબસાઈટ પર વ્યાજ દરની અપલોડ કરવામાં આવશે અને જો તેમાં કોઈપણ ફેરફાર થાય છે તો કંપનીની વેબસાઈટ પર અપલોડ કરવામાં આવશે.

**b.** મોજૂદ ગ્રાહકો માટે દરો અને શુલ્કમાં જો કોઈ ફેરફાર થાય છે તો, તેઓને પ્રત્યાયનના વિવિધ માધ્યમો જેમ કે વેબસાઈટ, ડિજિટલ પ્લેટફોર્મ અને/અથવા ઈમેલ, પત્રો, SMS વગેરે દ્વારા જાણ કરવામાં આવશે. તેમ છતાં, કંપની એ સુનિશ્ચિત કરશે કે લોનના ગ્રાહકો સાથે પહેલાથી જ જે કરાર કરવામાં આવ્યો હોય તેવી લોન માટે લોનની મુદત દરમિયાન કોઈ પણ ફેરફાર થાય નહીં

7. **મુક્તિ/ ચાર્જમાં ઘટાડો**

**a.** કંપનીના મેનેજિંગ ડિરેક્ટર અથવા બિઝનેસ હેડ જે યોગ્ય લાગે તે પ્રમાણે લોનને તેમની પોતાની મુનસફી પ્રમાણે, મુદ્દલ રકમ / વ્યાજ દરો, પ્રોસેસિંગ અને અન્ય દર સહિત કોઈપણ રકમમાં મુક્તિ આપવા / ઘટાડવા માટે અધિકૃત છે. વધુમાં, ઉપરોક્ત અધિકારીઓ આ સત્તા અન્ય કોઈ પણ વ્યક્તિની તરફેણમાં આપી શકે છે.

8. **આ નીતિમાં સુધારા**

**b.** ALCO ની ભલામણો પર આ નીતિમાં યોગ્ય ફેરફારો કરવા માટે મેનેજિંગ ડિરેક્ટર અધિકૃત છે, જેમાં દેશના નાણાં બજારમાં થતા હલચલના ફેરફારોને ધ્યાનમાં લેવામાં આવે છે જેમાં સામેલ છે આવા લોન ઉત્પાદનો માટે લાગુ વિવિધ લોન ઉત્પાદન અને સંબંધિત દરને લાગુ પડતા વ્યાજ દરોમાં ઉપર / નીચેના સુધારાઓ. તેની આગામી મીટિંગમાં બોર્ડ દ્વારા બહાલી મેળવવા માટે મેનેજિંગ ડિરેક્ટર બોર્ડને આવા ફેરફારોની જાણ કરશે.